કમલ શેખર કૃત

# ધર્મમૂર્તિસૂરિફાગ

(વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)

— ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

## મૂળ કૃતિનો પરિચય :

આ કાવ્યની એક પત્રની હસ્તલિખિત પ્રતિ વડોદરાના જૈન જ્ઞાનમંદિરમાંના પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૩૭૧૭) મળી છે. પ્રતિ શુદ્ધ ગણી શકાય એવી નથી અને લિપિ ઉપરથી વિક્રમના ૧૮મા સૈકામાં લખાયેલ જણાય છે.

આ કાવ્યના કર્તા કમલશેખર અંચલગચ્છના જૈન સાધુ હતા, એમ તેમની અન્ય કૃતિઓ ઉપરથી જણાય છે. તેમણે સં. ૧૬૦૯ માં ખંભાતમાં 'નવતત્ત્વ ચોપાઈ' અને સં. ૧૬૨૬ માં વીરમગામ પાસેના માંડલમાં 'પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ' (જુઓ. 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૩, પૃ. ૬૫૨–૬૫૯) રચેલી છે. પ્રસ્તુત ફાગ તેમણે અંચલગચ્છના આચાર્ય ધર્મમૂર્તિસૂરિની પ્રશસ્તિરૂપે રચ્યો છે. તેમાં રચના વર્ષ જો કે નથી, પણ કર્તાની ઉપર્યુક્ત બે ગુજરાતી કૃતિઓના રચના વર્ષ જોતાં આ કાવ્ય પણ વિક્રમના ૧૭ મા શતકના પૂર્વાર્ધમાં રચાયું હશે, એમાં શંકા નથી.

૨૩ કડીની આ કૃતિનો છંદોબંધ અઢૈઉ અને ફાગ (દુહા)માં બંધાયેલો છે. ત્રંબાવતી (ખંભાત)માં સૂરિનો જન્મ, એમનાં માત–પિતાનો વૃતાંત, અમદાવાદમાં દીક્ષા મહોત્સવ, સૂરિપદ તથા ધર્મપ્રવણતાનું કવિ વર્ણન કરે છે. જુદા જૂદા આચાર્યો વિષેના કેટલાક પ્રાચીનતર ફાગુઓમાં આવે છે, એવું વસંતનું, કામવિજયનું કે શૃંગારના ઉદ્દીપન વિભાવને અવકાશ આપે, એવું વર્ણન આ કાવ્યમાં નથી. એનો છંદોબંધ ફાગનો છે અને પુષ્પિકામાં પણ તેને 'ફાગ' નામ આપેલું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [ મૂળ કૃતિ ]

શ્રી શ્રીથંભણ પાસ, નમઈ સુરાસુર જાસ;
અહનિશિ ભાવસિઉ એ, હરષઈ ગાઈસું એ. ૧
કર જોડી વંદેવિ, કરિસિઉં કવિત સંષેવિ;
ઊલટ અતિ કરીએ, સરસતિ મનિ ધરી એ. ૨
નયર ત્રંબાવતી સાર, અમરાવઈ અવતાર;
વિવહારી વસઇ એ, ઘરમઈ ઉલ્હસઈ એ. ૩

### ફાગ

ઉલ્હસઈ શ્રીમાલી વલી પુરવરિષિની વાટ;
હંસરાજ ઘરિ ઘરિણી, તુરણી ઓઢણિ ઘાટ. ૪
હાંસલદે સુત જાઈઉ, પાઈઉ પુણ્ય અસેસ;
નામ દીઉ ધર્મદાસહ, તાસહ કરૂંય વસેસ. ૫
લષ્યણ બત્રીસઈ પુરઉ, સૂરઉ ધર્મહ રાગ;
શ્રી જિન નાણીય વાણીય, જાણીય ધરિઉ વઈરાગ. ૬
સંજમનઉ જંગ મંડીઉ, છંડીઉ ઘરનઉ ભાર;
શ્રી ગુણનિધાનસૂરિ દીધી, લીધી દિષ્યા સાર. ૭

### અઢૈઉ

લીધી દિષ્યા સાર, સયલ જીવ આધાર;
સુત્ર સયલ ભણઈ એ, ભવિયણ તે સુણઈ એ. ૮
ગુરિ દેષ્યુ વિદ્યાવંત, ધ્યાનિ જોયું એકંતિ;
લાભ દીઠઉ ઘણુએ. સંઘ તુમ્હે સુણઉ એ. ૯

### ફાગ

સુણઉ સંઘ સુજાણહ, નાણહ એ વિતપન્ન;
પાટઈ થાષઉ મનરુલી, સવિ કહઈ એ ધનધન. ૧૦
ઉદયકરણ આણંદઈ, વંદઈ ગુરુના પાય:
અહમદનયરઈ ઈણિ પરિં, ઉચ્છવ હરષ ન માઈ. ૧૧
તાલ દમામ વાજઈ, વાજઈ તિવલ નિનદ;
રણતૂર નફેરી ભેરીય, સંખ સુહામણઉ સાદ. ૧૨
ઘૂઘર વાજઈ ધમધમ, માદલ દોંદોંકાર;
પંચ શબદ ઘરિ વા(જ)ઈ, ગાજઈ ગયણ અપાર. ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### અઢૈઉ

ઇંણિ પરિ ઉછવકાર, વિત વાવરિઉં અપાર;
પાટિ બઈસારીયા એ, ઉચ્છવ કારીયા એ. ૧૪
માણિક મોતી સાર, રૂપ યોવનભંડાર;
પરિગ્રહ પરિહરી એ, ક્રિયા અતિ આવરી એ. ૧૫

### ફાગ

આદરી ક્રિયા જિણિ અતિ ઘણી, મઇં સુણી દેસ વિદેસિ;
પંચ મહાવ્રત પાલઈ, ટાલઈ સયલ કિલેસ. ૧૬
ષટવિધ જીવહ રાષઈ, દાષઈ જિનવરવાણી;
સાત ભય નીવારીઈ, વારીય મદ અઠ જાણી. ૧૭
નવવીધ સીલ સદા ધરઈ, કરઈ વિયતિ દસ વિધિ ધર્મ;
એકાદસ પ્રાતમા કહઈ, લહઇ તે સૂત્રહ મર્મ. ૧૮
ભિષુપ્રાતમા બાર એ, સારએ આપણઉં કાજ;
તેર કાઠીયા નીવારીય, કારીય ધર્મહ કાજ. ૧૯

### અઢૈઉ

ગુણ છત્રીસ સંપન, ધર્મમૂરતિસૂરિ ધન;
વંદું ઉલટ કરીએ, વિધિસું અણુસરીએ. ૨૦
ગુણનિધાનસૂરિ પાટિ, સોહઈ મુનિવર થાટિ;
ગુરુતણુ આગરુ એ, ષિમા અતિ સાગરુ એ. ૨૧

### ફાગ

ષિમાસાગર ગુર વંદું, નંદઉ જાં સસિ ભાણ;
થંભણપુરિ ગુર ગાઇઇ, પાઇઇ શિવપુર ઠાંણ. ૨૨
શ્રી કમલશેષર કહઇ, વંદીઇં ગુરના પાય;
જે નરનારી ગાવઇ, પાવઈ સુષ સયાંઇં. ૨૩

[ इति गुरुफाग समाप्तम् ]

× × ×



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org